નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮,
"અલ્પાહાર ખર્ચ" અંગેની સત્તા મર્યાદામાં વધારો
કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક:તજર-૧૦-૨૦૨૧-૫૩૦૯૯૪-ઝ
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૩/૦૫/૨૦૨૫.

<u>**વંચાણમાં લીધો:-**</u>

નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: સસપ-૧૯૯૮-૩૧૬-ઝ, તા:૦૬-૦૬-૧૯૯૮

<u>**ઠરાવ:-**</u>

ગુજરાત નાણાકીય સત્તા સોંપણી નિયમો-૧૯૯૮ ના પ્રકરણ-૪ "મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો હેઠળની સત્તાઓ" અન્વયે વિભાગ-૧ આકસ્મિક ખર્ચ કરવાની સત્તાઓના નિયમ-૩૬, સામાન્ય મર્યાદાઓના કોઠા-૨ ના ક્રમ નં-૨૬ થી સરકારના અલગ-અલગ અધિકારીઓ માટે સરકારી કામકાજ અર્થે એમની મુલાકાતે આવતા વિવિધ મહાનુભાવો, અતિથિઓ તથા નાગરિકો માટે કરવામાં આવતા આતિથ્ય ભથ્થા/અલ્પાહાર ખર્ચની મર્યાદા નિયત કરવામાં આવેલ છે. સદરહું સત્તા મર્યાદા વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

વિચારણાને અંતે હાલના અલ્પાહાર ખર્ચની મર્યાદામાં નીચે મુજબ વધારો કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારી | હાલની જોગવાઇ | | વધારેલ દર |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સરકારના સચિવો | નાસ્તા માટેની મર્યાદા (વ્યક્તિ દીઠ) | રૂ. ૨૦/- | રૂ.૫૦/- |
| | | બપોરનું/રાત્રિનું ભોજન (વ્યક્તિ દીઠ) | રૂ. ૧૦૦/- | રૂ.૨૫૦/- |
| | | આતિથ્ય અંગેના વાર્ષિક ખર્ચની અધિકતમ મર્યાદા | રૂ. ૧૦,૦૦૦/- | રૂ.૨૫,૦૦૦/- |
| ૨ | સચિવના દરજ્જાના પરંતુ આતિથ્ય/હોદ્દો-ખર્ચ ભથ્થું આકારતા ન હોય તેવા ખાતાના વડા | નાસ્તા માટેની મર્યાદા (વ્યક્તિ દીઠ) | રૂ. ૨૦/- | રૂ.૫૦/- |
| | | બપોરનું/રાત્રિનું ભોજન (વ્યક્તિ દીઠ) | રૂ. ૧૦૦/- | રૂ.૨૫૦/- |
| | | આતિથ્ય અંગેના વાર્ષિક ખર્ચની અધિકતમ મર્યાદા | રૂ. ૧૦,૦૦૦/- | રૂ.૨૫,૦૦૦/- |
| ૩ | વહીવટી વિભાગમાં અધિક સચિવ, સંયુક્ત સચિવ, નાયબ સચિવ, ખાતાના | નાસ્તા માટેની મર્યાદા (વ્યક્તિ દીઠ) | રૂ.૧૫/- | રૂ.૩૫/- |
| | | બપોરનું/રાત્રિનું ભોજન (વ્યક્તિ દીઠ) | કોઇ સત્તા નહિ | કોઇ સત્તા નહિ |

| | | | | |
|---|---|---|---|---|
| | વડા (જેઓ સચિવ કક્ષાના ન હોય) પ્રાદેશિક વડા, એડિશનલ કમિશનર | આતિથ્ય અંગેના વાર્ષિક ખર્ચની અધિકતમ મર્યાદા | રૂ.૫,૦૦૦/- | રૂ.૧૨,૫૦૦/- |
| ૪ | કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી | નાસ્તા માટેની મર્યાદા (વ્યક્તિ દીઠ) | રૂ.૧૫/- | રૂ.૩૫/- |
| | | બપોરનું/રાત્રિનું ભોજન (વ્યક્તિ દીઠ) | રૂ.૭૫/- | રૂ.૧૮૦/- |
| | | આતિથ્ય અંગેના વાર્ષિક ખર્ચની અધિકતમ મર્યાદા | રૂ.૫,૦૦૦/- | રૂ.૧૨,૫૦૦/- |
| ૫ | <u>જિલ્લાના વડા</u> ખાતાના વડાઓ કે જેઓ કલેક્ટર/જિલ્લા વિકાસ અધિકારી અને બીજાઓની કક્ષામાં નથી પરંતુ જેઓનો જિલ્લાના વડા તરીકે ઉક્ત ક્રમ (૪) હેઠળ સમાવેશ કરેલ નથી તેવા | નાસ્તા માટેની મર્યાદા (વ્યક્તિ દીઠ) | રૂ.૧૦/- | રૂ.૨૫/- |
| | | બપોરનું/રાત્રિનું ભોજન (વ્યક્તિ દીઠ) | કોઇ સત્તા નહિ | કોઇ સત્તા નહિ |
| | | આતિથ્ય અંગેના વાર્ષિક ખર્ચની અધિકતમ મર્યાદા | રૂ.૩,૦૦૦/- | રૂ.૭૫૦૦/- |

૨. ઉપર મુજબની મર્યાદા વર્ષ ૨૦૨૫-૨૬થી એટલે કે, તા. ૦૧/૦૪/૨૦૨૫ થી લાગુ થશે.

૩. આ સત્તા મર્યાદા કરતા વધુ ખર્ચ ન થાય તે દરેક અધિકારીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

૪. જો કોઇ ખાસ કારણોને લીધે આ સત્તા મર્યાદા કરતા વધારે ખર્ચ થાય તો સત્તા મર્યાદાના ૧૦% સુધી સુધીનો ખર્ચ સંબંધિત વિભાગના વડા, ખર્ચ વધારે થવાના કારણો ચકાસી મંજૂર કરી શકશે.

૫. નાણાકીય મર્યાદાઓનું પાલન થાય તે ખૂબ જ જરૂરી હોઇ ખર્ચ મર્યાદા કરતા વધારે ન થાય એ જોવાની જવાબદારી દરેક અધિકારીની રહેશે. આમ છતાં, કોઇ વિશિષ્ટ સંજોગોમાં ખર્ચ કરવાની સત્તા મર્યાદાના ૧૦% કરતાં વધારે ખર્ચ થયેલ હોય તો વિભાગો દ્વારા અલગ અલગ ફાઇલ રજૂ ન કરતાં દર વર્ષે ૧૫ એપ્રિલે આવા વધુ ખર્ચ થયેલ તમામ અધિકારીના કેસો એક જ ફાઇલ પર નાણા વિભાગને રજૂ કરવાના રહેશે. પરંતુ, તેમાં સત્તા મર્યાદા કરતા વધુ ખર્ચ થવાના ખાસ કારણોની દરેક અધિકારીવાઇઝ નોંધ કરી અને વિભાગના વડા દ્વારા પૂરતી ચકાસણી કર્યા બાદ યોગ્ય લાગે તો જ નાણા વિભાગને રજૂ કરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિતા રાઠોડ)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- ○ માન. મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ○ સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- ○ મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- • સચિવશ્રી,ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- ○ અગ્ર સચિવશ્રી (નાણા)ના રહસ્ય સચિવશ્રી,નાણા વિભાગ, ગાંધીનગર.
- ○ સચિવશ્રી (આ.બા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, નાણા વિભાગ, ગાંધીનગર.
- ○ સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય,નાણા વિભાગ,ગાંધીનગર.
- • સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- • સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- • રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- • સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- • સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- • સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર.
- • સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- ○ સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- ○ સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- ○ એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ),અમદાવાદ/રાજકોટ.
- ○ નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- ○ સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ.
- ○ આઇ.ટી. કો-ઓર્ડીનેટરશ્રી,નાણા વિભાગ વેબસાઇટ ઉપર મૂકવા માટે.
- ○ સીલેકટ ફાઇલ - ઝ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- • પત્ર દ્વારા